©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 12th MARCH, 2026/PHALGUNA 21, 1947 [ Issue No. 11**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 157-166 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2159-2448 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ**

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૭૧/૨૦૨૬, તા. ૧૨-૦૨-૨૦૨૬.

### જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૨૬૨ થી ૨૭૦/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી રાજય અનામત પોલીસ દળ જુથ-૧૭ ચેલા જામનગરના જુથ ''બી'' કંપની, ''હેડ કવાર્ટર'' કંપની તથા એમ.ટી. વિભાગમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓનું વર્ષ-૨૦૨૬ની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ સારૂ અત્રેના જિલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ, તા. બાબરા ખાતે તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૨૩-૦૨-૨૦૨૬ સુધી દિન-૦૩ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય સદરહુ ફાયરીંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ સવાલવાળા સ્થળની આજુ બાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૨૬-૦૨-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાનાં વાંકીયા ગામના સરકારી પડતર રે.સ. નં. ૬૦૧, હે. ૩-૮૮-૬૩ ચો.મી. વાળી જમીન કે જે અત્રેની કચેરીનાં હુકમ નં. ચિ/જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧ થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગું પડશે નહી.

આ જાહેરનામું તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૨૬-૦૨-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહું જાહેરનામું પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવાનું રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

### હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/ઉપવાસ/૦૧/૨૦૨૬.-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ, હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું ડી.પી. ચૌહાણ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૩૦-૦૧-૨૦૨૬ થી તા. ૧૩-૦૨-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યકિતઓને એકી સાથે ભેગા થવા, કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાલ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ પર બેસવા માટે મનાઈ ફરમાવું છું.

**: અનુસુચિ :**

''જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદન તેમજ પોલીસ મહાનિરક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષક કચેરી, ભુજ, ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ. ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''.

**આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૨૯-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ભુજ-કચ્છ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

## હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/વચેટીયા/૦૧/૨૦૨૬.-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ ભુજના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર પ્રવૃતિ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતને/ઈસમો પ્રવૃતિ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

આથી હું, ડી.પી. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે,

જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છના કાર્યક્ષેત્રમાં આવેલ ઉકત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી, જિલ્લાની તમામ નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી જિલ્લાની કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અન અધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૩૦-૦૧-૨૦૨૬ થી તા. ૧૩-૦૨-૨૦૨૬ (બન્ને દિવસો સહીત) સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી-કચ્છની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમનો જાહેર જનતાની જાણ માટે વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓની કચેરી, પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ, જિલ્લાની ગ્રામ પંચાયતો ખાતે જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ રોજ તા. ૨૯-૦૧-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

કચ્છ-ભુજ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

## જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૨/૨૦૨૬.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૭-૦૨-૨૦૨૬ થી તા. ૦૩-૦૩-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો

કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૧૬-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

## હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/આવેદનપત્ર/૦૧/૨૦૨૬.-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ કે રેલી સ્વરૂપે આવેદનપત્ર આપવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું ડી.પી. ચૌહાણ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૩૦-૦૧-૨૦૨૬ થી તા. ૧૩-૦૨-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યકિતઓને એકી સાથે ભેગા થવા, કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા/કાઢવા કે રેલી સ્વરૂપે એકઠા થઈને આવેદનપત્ર આપવા માટે આવવા પર મનાઈ ફરમાવું છું.

**: અનુસુચિ :**

''જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદન તેમજ પોલીસ મહાનિરક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષક કચેરી, ભુજ, ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ. ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો તથા ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી, જિલ્લાની તમામ નગરપાલિકા કચેરી, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''.

**આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતોને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૨૯-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ભુજ-કચ્છ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

## જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૧/૨૦૨૬.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૩૦-૦૧-૨૦૨૬ થી તા. ૧૩-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૯-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

**ડી. પી. ચૌહાણ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

---

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૧૪૯૨/૨૦૨૫.-બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ)માં દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો અલગ અલગ સરકારી કામ અર્થે જેવા કે લાયસન્સ સંબધિત વાહન નોંધણી વાહન તબદીલી નોંધણી બાદની કાર્યવાહીઓ ટેકસ ભરવાની કાર્યવાહી પરમીટ સંબંધિત કાર્યવાહી માટે આવતા હોય છે. તો આવી પરિસ્થિતિમાં બિન અધિકૃત વ્યકિતઓનો કચેરીમાં પ્રવેશ અટકાવવા માટે જાહેર જનતાના હિતમાં અનઅધિકૃત ઈસમોના એ.આર.ટી.ઓ. કચેરીમાં પ્રવેશતા અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી બોટાદના પત્ર નં. શાસન/જાહેરનામું/એઆરટીઓ/બોટાદ/ઓન/૭૮૨ તા. ૨૩-૦૭-૨૦૨૫ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું ભાર્ગવ પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ.)માં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ ફોજદારી પગલાં લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૯-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

**ભાર્ગવ પટેલ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
બોટાદ

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૨૮૯/૨૦૨૬.-જિલ્લા સેવા સદન બોટાદ ખાતે બોટાદ જિલ્લાના વિવિધ તાલુકામાંથી મોટી સંખ્યામાં અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજુઆતો સબબ અવરજવર કરતા હોય છે. તાજેતરમાં જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી પોતાની માંગણી અન્વયે અસંતોષ થતા અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ દ્વારા કલેકટર કચેરી/જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં ઉપવાસ, રેલી, ધરણા કે આત્મવિલોપન કરવા આવતા હોય છે જેના કારણે તંગદિલીભર્યું વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં અરજદારોની મોટી સંખ્યા ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જિલ્લા સેવા સદનમાં અરજદાર વ્યકિતગત રીતે કે મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના હોય, સરકારી માલ મિલ્કતને કે વ્યકિતગત જાન માલને નુકશાન થવાના બનાવ બનવાની સંભાવના રહેલ હોઈ, સુલેહ

શાંતિ જળવાઈ રહે અને સરકારી માલ મિલકતને નુકશાન ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જિલ્લા સેવા સદન બોટાદ પરિસરની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવા માટે પુરતુ કારણ છે અને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છુ કે, બોટાદ જિલ્લા સેવા સદનના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૧૭-૦૪-૨૦૨૬ સુધી પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરૂ છું તથા આ પ્રતિબંધીત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈએ ઉપવાસ પર બેસવુ નહી કે ધરણા કાર્યક્રમ સભાઓનું આયોજન કરવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) કોઈપણ વ્યકિતએ પુર્વ મંજુરી સિવાય લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહી.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ સાથે રાખવો નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ સરકારી નોકર કે, સરકારશ્રીની ફરજ પર હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે કોઈપણ પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૩-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

---

## ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

### જાહેરનામું

નં.ડીએમ/પરીક્ષા-૧૫/૨૦૨૫.-આગામી તા. ૦૪-૦૧-૨૦૨૬ને રવિવારના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરાત ક્રમાંક-૨૭/૨૦૨૫-૨૬ રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા લેખીત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. ચોરીના દુષણથી કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે.

આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂ રીતે લેવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમ્યાન બંધ રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ, ઈલેક્ટ્રોનિક સાધનો, ઈલેક્ટ્રોનિક વોચ, અન્ય અનધિકૃત સાહિત્ય વિગેરે લઈ જવા પર પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા જિલ્લા અધિકારીશ્રી, જામનગરના તા. ૨૪-૧૨-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : પ.શાખા/જાહેરનામું/GPSC પરીક્ષા/૨૦૨૫/૯૧૬૭-૬૮ થી દરખાસ્ત કરેલ છે જે મને વ્યાજબી જણાય છે.

તેથી હું, એસ.એમ. કાથડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (ઈ.ચા.), જામનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ તા. ૦૪-૦૧-૨૦૨૬ ના રોજ સવારના ૧૦-૩૦ કલાકથી ૧૩-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેક્ટ્રોનીક સાધનો, કેલ્કયુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વિગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈમસો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે ડીસેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

આ કચેરીના તા. ૩૦-૧૨-૨૦૨૫ ના
જાહેરનામા નં. નં. ડીએમ/પરીક્ષા-૧૫/૨૦૨૫ નું

## પરિશિષ્ટ

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા/કેન્દ્ર નું નામ | પરીક્ષા કેન્દ્ર નું સરનામું |
|---|---|---|
| ૧ | નેશનલ હાઈસ્કુલ, જામનગર | ખંભાળીયા નાકા બહાર, આર્ય સમાજ રોડ, જામનગર, જિ. જામનગર |
| ૨ | આર. આર. શાહ હાઈસ્કુલ જામનગર | મારૂ કંસારા વાડી સામે, લાલપુર રોડ, જામનગર |
| ૩ | શ્રી નંદન માધ્યમિક શાળા, જામનગર | લાલપુર રોડ, નંદનવન સોસાયટી, શેરી નં. ૨, નંદનપાર્ક, જિ. જામનગર |
| ૪ | શ્રી એલ. જી. હરિયા સ્કુલ, જામનગર | ઈન્દિરા માર્ગ, જનતા ફાટક પાસે, જામનગર |
| ૫ | શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, જામનગર | જનતા ફાટક પાસે, શાંતિનગર સોસાયટી, જામનગર, જિ. જામનગર |
| ૬ | શ્રી પ્રણામી હાઈસ્કુલ, જામનગર | હિરજી મિસ્ત્રી રોડ, રણજીતનગર, જામનગર |
| ૭ | શ્રી શિશુવિહાર હિન્દી હાઈસ્કૂલ જામનગર | રોયલ પુષ્પક પાર્ક, ૮૦ ફુટ મેઈન રોડ, ખોડીયાર કોલોની, જામનગર |
| ૮ | શ્રીમતી જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય, જામનગર | પટેલ કૉલોની, કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ પાસે, જામનગર |
| ૯ | ભવંસ શ્રી એ. કે. દોશી વિદ્યાલય, જામનગર | પટેલ કૉલોની, ઈન્દ્રદીપ સોસાયટી, મહિલા કોલેજ કેમ્પસ, જામનગર |
| ૧૦ | શ્રી ડી. એસ. ગોજીયા વિદ્યાલય, જામનગર | આહીર બોર્ડીંગ, અંબર સિનેમા પાસે, પંડિત નહેરૂ માર્ગ, જામનગર |
| ૧૧ | સત્ય સાંઈ વિદ્યાલય, જામનગર | અમર વિલાસ કૉમ્પલેક્ષ, પેલેર રોડ, પંચવટી સોસાયટી સામે, જામનગર |

જામનગર, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

**એસ. એમ. કાથડ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ (ઈ.ચા)
જામનગર

---

## પોલીસ કમિશ્નર દ્વારા

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ**

## સભા સરઘસ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૦૫૨/૨૦૨૫.-આગામી દિવસોમાં રાજકોટ શહેર ખાતે તા. ૨૩,૨૪,૨૫,૨૬-૦૨-૨૦૨૬ ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં દબાણ હટાવવાની મેગા ડિમોલીશનની કાર્યવાહી થનાર હોય, આ ડિમોલીશનમાં આવારા તત્વો/ ભાંગ ફોડીયા તત્વો દ્વારા કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન કરે તેમજ જાહેર જનતાની સુરક્ષા સારૂ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજકોટ શહેર વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા/રોડ ઉપર સામાન્ય સંજોગો સિવાય ચાર કરતા વધારે માણસોને ભેગા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ તેમજ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધીત કૃત્યો :**

પરવાનગી વગર જાહેર જગ્યા/રોડ ઉપર સામાન્ય સંજોગો સિવાય ચાર કરતા વધારે માણસોને ભેગા થવા પર પ્રતિબંધ

**: અમલવારીના સમય તથા વિસ્તાર :**

આ હુકમનો અમલ તા. ૨૩-૦૨-૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા. ૨૬-૦૨-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ

કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે.

આજ રોજ તારીખ : ૨૧-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

## નો ડ્રોન ફ્લાય અંગેનુ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/નો ડ્રોન ફલાય/જાહેરનામું/૧૦૪૨/૨૦૨૬.- આગામી દિવસોમાં રાજકોટ શહેર ખાતે તા. ૨૩,૨૪,૨૫-૦૨-૨૦૨૬ નાં રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગ્લેશ્વર વિસ્તારમાં દબાણ હટાવવાની મેગા ડિમોલીશનની કાર્યવાહી થનાર હોય, આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદી અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલીત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો-સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (Sub-Conventional Aerial Platform) ના ગેરલાભ લઈ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ ન હોય , જેથી રાજકોટ શહેરના તમામ વિસ્તારોમાં ''નો ડ્રોન ફ્લાય ઝોન'', જાહેર કરવાની જરૂરીયાત જણાતી હોય.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ નીચે જણાવેલ તારીખ અને સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ રાજકોટ શહેરના તમામ વિસ્તારોમાં ''નો ડ્રોન ફલાય ઝોન'' જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલ થી ચલાવવામાં આવતા ડ્રોન (Drone), કવાડ કોપ્ટર (Quadcopter) પાવર્ડ એરક્રાફટ (Powered Aircraft) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (Microlight Aircraft), હેંગ ગ્લાઈડર પેરાગ્લાઈડર (Hangglider/Para Glider), પેરા મોટર (Para Motor), હોટ એર બલુન (Hot Air Balloons), પેરા જમ્પીંગ (Para Jumping) ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવું છું.

**: અપવાદ :**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો તેમજ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા ઉપરોકત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુકિત આપું છું.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૨૩-૦૨-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૨૫-૦૨-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જા થી પો.સબ.ઈન્સ. નો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરુ છું.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૧-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૪૦(૧) અન્વયે કાઢેલ હુકમ**

## હોળી-ધૂળેટી અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસબી/હોળી-ધુળેટી/જાહેરનામું/૧૧૩૯/૨૦૨૬.-આગામી તા. ૦૨,૦૩-૦૩-૨૦૨૬ ના રોજ હોળી તથા તા. ૦૪-૦૩-૨૦૨૬ ના રોજ ધુળેટી પર્વની ઉજવણી થનાર છે. આ ધાર્મિક તેમજ સામાજીક પર્વની ઉજવણી રાજકોટ શહેરના જુદા-જુદા મહોલ્લાઓ, સાર્વજનીક જગ્યાઓ, ધાર્મિક જગ્યાઓમાં થતી હોય છે. સદરહું ઉત્સવમાં પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકતા હોય છે જેને લીધે જાહેર રસ્તાઓ/ શેરીઓ/ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શકયતા નકારી શકાય નહીં.

રાજકોટ શહેરની વર્તમાન પરીસ્થિતિને લક્ષમાં લઈ સામાન્ય સંજોગોમાં હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. આ હોળી પર્વની ઉજવણી શાંતી અને કોમી એખલાશ ભર્યા વાતાવરણમાં થાય અને જાહેર સલામતી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૦(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ. સુધીનો હોદો ધરાવનારાઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: પ્રતિબંધીત કૃત્યો :**

- હોળી તેમજ ધુળેટીના તહેવાર દરમ્યાન કોઈપણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ ઉપર કે જાહેર જગ્યાઓ ઉપર જતાં આવતાં રાહદારીઓ ઉપર કે એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકવા નહી અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ જાહેર જગ્યાઓ પર નિકળવા પર પ્રતિબંધ.
- હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા પર તેમજ બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર આવતાં જતાં રાહદારીઓને તથા વાહનોને રોકવા પર પ્રતિબંધ.
- જાહેર રસ્તા ઉપર આમ તેમ દોડવું નહી કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનું વર્તન કરવા પર પ્રતિબંધ.
- જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય કે અકસ્માત થાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિ તેમજ ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવા પર પ્રતિબંધ.

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૨-૦૩-૨૦૨૬ ના ક. ૦૦/૦૦ થી તા. ૦૪-૦૩-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધીનો રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તા. ૨૫-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૩૦/૨૦૨૬/૧૮૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, ભીમાસર કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., દાદાના મઢ પાસે, મુ. વીડી, તા. અંજાર, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧(સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSEB202602796

ભુજ-કચ્છ, ૨૨ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

**એમ. એલ. અગરવાલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ભુજ-કચ્છ

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૧/ક-૨/૩૦/૮૯/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, ધી ન્યુ ખસ સેવા સહકારી મંડળી લી., મુ. ખસ, તા. રાણપુર, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBOTSE202602924

બોટાદ, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૧/ક-૨/૨૬/૯૬/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી કનૈયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાના પાળિયાદ, તા. બોટાદ, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : REG/BOT/SE(MILK)49268/2026.

બોટાદ, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૧/ક-૨/૨૮/૯૪/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી મોટા છૈડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મોટા છૈડા, તા. બોટાદ, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : REG/BOT/SE(MILK)49269/2026.

બોટાદ, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૧/ક-૨/૧૫/૭૪/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી ક્રિષ્ના સેવા સહકારી મંડળી લી., મુ. ગઢડા, તા. ગઢડા, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. :CSBOTSE202602588

બોટાદ, ૦૯ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નઘણ/૦૧/ક-૨/૨૪/૭૯/૨૦૨૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી માંડવરાયજી સેવા સહકારી મંડળી લી., મુ. ગઢડા, તા. ગઢડા, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. :CSBOTSE202602836

બોટાદ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

**એ. ડી. દેસાઈ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
બોટાદ

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0017/02/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ આથી જાહેર કરેલ છે કે, દ્વારિકા ઈલાઈટ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202602960, DATE : 04-02-2026 છે.

રાજકોટ, ૦૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0002/02/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ આથી જાહેર કરેલ છે કે, સ્પીડવેલ હાઈટ્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202602912, DATE : 02-02-2026 છે.

રાજકોટ, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0035/02/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ આથી જાહેર કરેલ છે કે, અમરનાથ હાઈટ્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202603089, DATE : 12-02-2026 છે.

રાજકોટ, ૧૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**વાય. ડી. દુધાત્રા**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.12 14:08:41 IST